| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૦–૦૮–૨૦૧૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૦–૦૮–૨૦૧૮ |
| ફેંસલ તારીખ | ૧૮–૦૩–૨૦૧૯ |
| સમય ગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

સુરતના મહે. ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં,મુકામ–સુરત.

**<u>ક્રિમીનલ કેસ નં.૪૬૯૨૬/૨૦૧૮.</u>**

આંક–

ફરીયાદી – શ્રી સરકાર

<u>વિરૂદ્ધ</u>

આરોપી – ૧. ભીમરાવ પુંડલીક જાધવ,
૨. અનિલ ભીમરાવ જાધવ,
રહે. એ/૦૭, ગોવર્ધનનગર–૧, રો–હાઉસ, રામીપાર્કની બાજુમાં, ડીંડોલી, સુરત.

**ગુનો :– ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪**

*************************************************

ફરીયાદ પક્ષ તર્ફે વિદ્ધાન એ.પી.પી.શ્રી સુનિલભાઈ પટેલ.
આરોપીઓ તર્ફે વિદ્ધાન વકીલ શ્રી

*************************************************

**<u>– ઠ રા વ –</u>**

(૧) ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ તેમના ઘરે ઉછીના આપેલ પૈસાની માંગણી કરવા આવનાર ફરિયાદી બહેનને ગમેતેવી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનાહીત કૃત્ય કરેલ હોઇ. જે બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ છે. જે ફરીયાદ બાબતે તપાસ કરનાર અમલદારશ્રી એ ગુના બાબતની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ

તેમના મંતવ્ય મુજબ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરૂધ્ધ મથાળે દર્શાવેલ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ ના ગુના સબબ અત્રેની અદાલતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૧૭૩ મુજબ ચાર્જસીટ ઈન્સાફી રજુ કરેલ છે.

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં આ કામના આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે.ત્યારબાદ આરોપીઓને તેઓની સામેના ગુના અંગેની સમજ આપી આંક–૩ થી તહોમતનામુ ફરમાવતાં આરોપી નં.૨ની આંક–૪ થી સુધી ગુનાનુ ઈન્કાર કરતુ નિવેદન આપતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અનુ નં. | સાહેદોની જુબાનીની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી હંસાબેન રાઠોડનીની જુબાની | ૮ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અનુ નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૯ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૩. | અટક પંચનામું | ૧૧ |

આ સિવાય ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં બીજો કોઈ પુરાવો રજુ કરેલ નથી. સરકારપક્ષે આંક–૧૨ થી પોતાનો પુરાવો બંધ થયેલાનું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૪) ઉપર મુજબનો પુરાવો નોંધ્યા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ –૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવાલાયક પુરાવો ન જણાતા વિશેષ પુરાવો

નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી તથા આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી છે.

(૫) ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઊપસ્થિત થાય છે –

<u>મુદ્ધાઓ</u>

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે એવું પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તેમના ઘરે ઉછીના આપેલ પૈસાની માંગણી કરવા આવનાર ફરિયાદી બહેનને ગમેતેવી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનાહીત કૃત્ય કરેલ હોઇ. જે બાબતે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલ છે. જે ફરીયાદ બાબતે તપાસ કરનાર અમલદારશ્રી એ ગુના બાબતની તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ તેમના મંતવ્ય મુજબ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરૂધ્ધ મથાળે દર્શાવેલ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ હેઠળ શિક્ષાનેપાક્ષ ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્ધાઓ પરત્વેમા મારા નિર્ણયો નીચે પ્રમાણે છે–

<u>નિર્ણયો</u> –

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

– <u>કા ર ણો</u> –

<u>મુદ્ધા નં.–૧</u>

(૭) **ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૪** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી

જરૂરી છે,

૧. આરોપીએ કોઇ વ્યકિતનુ અપમાન કર્યુ હતુ.

૨. તેણે ઈરાદા પૂર્વક અપમાન કર્યુ હતું.

૩. આરોપીએ તેમ કરીને તે વ્યક્તિને ઉશ્કેરાટનુ કારણ આપ્યુ હતુ.

૪. ઉશ્કેરાઇ જઇને તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા બીજો કોઇ ગુનો કરી બેસે તેવો આરોપીનો ઈરાદો હતો અથવા એવુ થવાનો સંભવ હોવાનુ તે જાણતો હતો.

**ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨)** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે,

૧. આરોપીએ કોઇકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલ અથવા તેની આબરૂ અથવા મિલ્કતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકિત જે વ્યકિતમાં રસ ધરાવતી હતી તેવી વ્યકિતને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

૨. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી સદર કૃત્ય કરેલ.

૩. આરોપીએ કોઇ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરે કે જે માટે તે કાયદેસર બંધાયેલા ન હતાં.

**ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૧૪** મુજબ શિક્ષાને પાત્ર ગુનો સાબિત કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબિત કરવી જરૂરી છે,

૧. ગુનો બન્યો છે.

૨. તે ગુનામાં આરોપીએ મદદગારી કરી છે.

૩. ગુનો બન્યો ત્યારે મદદગારીની હાજરી ગુનાના સ્થળે હતી.

(૮) આ કામે ફરીયાદપક્ષના સાહેદ નં. ૧, ફરીયાદી હંસાબેન રાઠોડને આંક–૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૯ થી રજુ થયેલ ફરીયાદ હકીકતને તેમજ ફરીયાદપક્ષના કેસને સમર્થન આવેલ ન હોઈ ફરીયાદ પક્ષ તરફે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી પોતાના જ સાક્ષીની ઉલટતપાસ કરવા માટે મૌખિક વિનંતી કરવામાં આવેલી.

આ કામે ઈજા પામનાર ફરિયાદીનું ઈજા પ્રમાણપત્ર રજુ રાખેલ નથી. જેથી હાલના આરોપી દ્વારા કહેવાતી ઈજા પામનારને માર મારવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિશંક પણે પુરવાર કરી શકેલ નથી.

(૯) આમ, સદર ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં આ કામે હાલના આરોપીઓ સામે ફરીયાદપક્ષ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, મુજબના ગુનાનો પણ આક્ષેપ મુકવામાં આવેલ છે. પરંતુ, સદરહુ ગુના કયારે સાબિત થયેલ ગણાય તે અંગે, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ***૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં.૩૩૭, "પ્રવિણભાઈ બી.વણકર વિ. ગુજરાત રાજય"*** નો ચૂકાદો ધ્યાને લેતા, તેમાં ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબના ગુન્હા માટે અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઈએ, તેમજ આરોપી દ્વારા અપમાન માત્ર ઈરાદાપૂર્વકનુ જ નહિ, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. આમ, આ કામે પણ જયારે રેકર્ડ પરથી આ કામના કયા આરોપીએ ફરીયાદપક્ષના કયા સાહેદને ચોકકસ શું ગાળો આપેલ તે હકીકત પણ જયારે ચોકકસપણે રેકર્ડ પર સાબિત થયેલ નથી, તે સંજોગોમાં ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ, સદરહુ ગુના અંગેના કોઈ તત્વો પણ ફરીયાદપક્ષે નિશંકપણે આ કામના આરોપીઓ સામે રેકર્ડ પર સાબિત કરવામાં આવેલ નથી. તેમજ *Patel Natottam Tulsidas V/s State of Gujarat, G.L.R. 1972,Volum–14 Page no.522* ના ચૂકાદામાં

"*Sec.504- mere abuse not sufficient to prove the act within the meaning of the sec.504- intention to provoke any person to break peace essential*" હોવાનુ જણાવેલ છે,એટલે કે સદર ચૂકાદામાં ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૪ મુજબના ગુન્હા માટે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ, તેમજ આરોપી દ્વારા અપમાન માત્ર ઇરાદાપૂર્વકનુ જ નહી, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર સુલેહશાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઇએ તેવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. આ કામે ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ, જયારે ફરીયાદપક્ષના સાહેદોની જુબાની પરથી જ, સદરહુ બનાવ કયા કારણસર બનેલો?, બનાવ વખતે અન્ય સાહેદો સ્થળ ઉપર હાજર હતા કે, કેમ?, બનાવ વખતે આરોપીઓએ કયા સાહેદને અને શું મારેલ?, તેમજ બનાવ વખતે ખરેખર શું બનેલ? અને કહેવાતા બનાવમાં કયા આરોપીઓએ શું ભાગ ભજવેલ?, તે તમામ મહત્વની હકીકતો બાબતે જયારે, પરસ્પર વિરોધાભાસી પુરાવો રેકર્ડ પર આવેલો છે અને ફરીયાદપક્ષના કેસ અંગે રેકર્ડ પર પ્રબળ શંકાઓ ઉદ્ભવેલ છે, તે સંજોગોમાં પણ, ફરીયાદપક્ષના કેસ અંગે ઉદ્ભવેલ શંકાનો લાભ ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ મુજબ આરોપીઓને મળવાપાત્ર છે. આમ, ફરીયાદપક્ષ જયારે તેના સકારાત્મક પુરાવાથી, આ કામના આરોપીએ સામે આક્ષેપિત ગુનાનું તહોમત શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેમજ હાલના કામે આંક-૮ ની ફરીયાદ હકીકત વંચાણે લેવામાં આવે તો ફરીયાદમાં ફરીયાદીએ આ કામના આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આવેલાની હકીકત જણાવેલ છે. જે સંજોગોમાં મુળ ફરીયાદીએ હાલના કામે આક્ષેપાયેલ ગુના અંગેના આરોપીઓ દ્વારા ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય અને આરોપીઓની સદર ધમકીથી ફરીયાદીએ બનાવવાળી જગ્યાએ આવવા જવાનું છોડી દીધેલ હોય તથા તેઓ સદર ધમકીનાં ઓથા હેઠળ ફરીયાદીનું જીવન મોતનાં ભયમાં મુકાયું હોય, તથા રોજીંદા જીવન વ્યવહાર ઉપર તથા તેઓ કાયદેસર જે કૃત્ય કરવા બંધાયેલ હોઈ, તે કૃત્ય કરવામાં ફરીયાદીને અસર થઈ હોઈ, તેવો સ્પષ્ટ અને

માનવા લાયક કોઈ પુરાવો રજુ કરેલ નથી.

**Munsafkhan Yasinkhan Pathan and Ors. Vs. State of Gujarat** which is unreported judgment mentioned in 2002(1) G.L.H. (U.J.) 4, head–note of which is as under:

Indian Penal Code, 1860– Sections 506(2) & 503 Criminal intimidation–Threat to cause death or grievous hurt–Necessary ingredients– Complainant should have been alarmed by the threat administered to him– Evidence indicates a clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant– No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint– Words uttered by the accused did not cause any alarm to the complainant– offence not proved.

આમ, ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે ગુનાહિત ધાક ધમકી અથવા મૃત્યુ નિપજાવવા ગંભીર વ્યથા પહોંચાડવાની ધમકીનાં આવશ્યક ઘટકો એવા છે કે આવી ધમકીનાં કારણે ફરીયાદીને ભયની ઘંટડી બજતી હોય એવું લાગવું જોઈએ અને આવી ધમકીને કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે અશકિતમાન બનવો જોઈએ, તો જ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો બને. આમ, અત્રેનાં કેસની હકીકત અને પુરાવામાં પણ આરોપી દ્વારા ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવ્યા બાદ તેઓ પોતાનું રોજીંદુ કામકાજ કરવા માટે અશકિતમાન બન્યા હોય, તેવું રેકર્ડ ઉપર પુરાવામાં આવેલ નથી. જેથી

આરોપીઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી આપવા અંગેની હકીકત સ્વીકારી શકાય નહીં અને નામદાર ગુજરાત હાઈકાર્ટનાં આ ચુકાદા મુજબ હાલનાં આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો બનતો નથી, તેવું મારૂં સ્પષ્ટપણે માનવું છે. જેથી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પણ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતે ફરીયાદી ની સોગંદ ઉપરની જુબાની તથા રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં હાલના ફરીયાદીએ હાલના કામે આક્ષેપાયેલ ગુના અંગેના આરોપીઓ દ્વારા ફરીયાદીને ગાળાગાળી કરી અપશબ્દો બોલી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય અને આરોપીઓની સદર ધમકીથી ફરીયાદીએ બનાવવાળી જગ્યાએ આવવા જવાનું છોડી દીધેલ હોય તથા તેઓ સદર ધમકીનાં ઓથા હેઠળ ફરીયાદીનું જીવન મોતનાં ભયમાં મુકાયું હોય, તથા રોજીંદા જીવન વ્યવહાર ઉપર તથા તેઓ કાયદેસર જે કૃત્ય કરવા બંધાયેલા હોય, તે કૃત્ય કરવામાં ફરીયાદીને અસર થઈ હોય, તેવો સ્પષ્ટ અને માનવા લાયક કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ તમામ સંજોગોમાં હાલના આરોપીઓ દ્વારા ફરીયાદી ને બનાવ સમયે અને સ્થળે આરોપીઓએ ગાળાગાળી કરી અપશબ્દો બોલી તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવાનો ગુનો સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું મારૂં નમ્રપણે માનવું છે. આમ રજૂ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો જોતા કેસની હકીકતો ધ્યાને લઈ હું ન્યાયીક રીતે એમ માનું છું કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચાનાં અંતે મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

– **હુ ક મ** –

– આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–

૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

– દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબનાં અપીલ પીરીયડ સુધીનાં એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેવા માટેના રૂ.૧૦,૦૦૦/–ના જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ તા. ૧૮ માહે માર્ચ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૮–૦૩–૨૦૧૮.

સ્થળ – સુરત

**(અંકીત વિષ્ણુપ્રસાદ પટેલ)**
Code No.GJ–૦૧૧૮૧
ચોથા અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
સુરત.